# <u>હસજો હળવે હળવે</u>

૧ એક હાથીનું ઓપરેશન કર્યા પછી ડોકટરે નર્સને પુછયું, ‘બધાં સાધનો બહાર જ છે ને? કોઈ અંદરતો નથી રહી ગયું ને?’
નર્સે કહયું, ‘સર સાધનો તો બધાં જ છે પણ ઠીંગુજી ડોકટર મહેતા ક્યાંય દેખાતા નથી.’

૨ પતિ : (પત્નીને) હે ભગવાન ! આ વેલણ લઈને તું ક્યાં જાય છે?
પત્ની : આ બાજુવાળા પડોશીથી લડવા જઉ છું.
પતિ : કાલે પણ તુ નહોતી ગઈ?
પત્ની : હા... પરંતુ ગઈ કાલે તો સેમી ફાઈનલ હતી ,જયારે આજે તો ફાઈનલ છે.

૩ મગન : તેં જરૂર કંઈ કર્યું હશે તેથી જ તને શિક્ષકે ફટકાર્યો.
રાજુ : ના પપ્પા, મેં કંઈ નથી કર્યું હું તો વર્ગમાં ચૂપચાપ સૂતો હતો.

૪ મંગળે : તેના મિત્ર જશુ જાડીયાને સલાહ આપી, તું એક મહિનો ઘોડા પર મુસાફરી કરીશ તો તારું વજન ઘટી જશે.
(એક મહિના પછી)
જશુ : (મંગળને) ૧૦ કિલ્લો વજન ઘટયું ખરું મારું નહીં ઘોડાનું.

૫ માલિક : (ઉમેદવારને) હાલમાં તો હું તમને ૨૦૦૦ રૂા. પગાર આપીશ. છ મહિના પછી ૩૦૦૦રૂા. કરી આપીશ.
ઉમેદવાર : વાંધો નહી સાહેબ, તો પછી હું છ મહિના પછી જ જોડાઈશ.

jainuniversity.org